# સુરત મહાનગરપાલિકા
# જા હે રા ત

સુરત મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ જગ્યાઓ માટે તા.૧૮/૦૨/૨૦૧૨ સુધીમાં પહોંચે તે રીતે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર મંગાવવામાં આવે છે.

| (૧) | **(૨૦૦)આસી.એન્જીનીયર(બાયો મેડીકલ) સંખ્યા–૦૧ (બિનઅનામત)** |
|---|---|
| લાયકાત | બી.ઈ.(બાયો મેડીકલ એન્જીનીયરીંગ) અથવા બી.ઈ.(બાયો ટેકનોલોજી એન્જીનીયરીંગ) અથવા બી.ઈ.(બાયો મેડીકલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જીનીયરીંગ) અને તે પાસ કર્યા બાદ હોસ્પીટલ ઈકવીપમેન્ટસની કામગીરી અંગેનો(બે) વર્ષનો અનુભવ.<br>નોંધઃ– ઉચ્ચ લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૩૦ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | ૮૦૦૦–૧૩૫૦૦/– (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦) તથા નિયમમુજબ મળવાપાત્ર અન્ય ભથ્થા.. |

| (૨) | **(૧૧૦) ડેપ્યુટી એકાઉન્ટન્ટ સંખ્યા–૦૨ (અ.જ.જા–૧,બિનઅનામત–૧)** |
|---|---|
| લાયકાત | બેંકીંગ અથવા એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડીટીંગના ખાસ વિષયો સાથેના કોમર્સ ગ્રેજયુએટ.<br>અનુભવઃ–કોમર્સ ગ્રેજયુએટ થયા બાદ બેંકીંગ અથવા એકાઉન્ટસ અથવા ઓડીટીંગની સંસ્થામાં ઓછામાં ઓછો બીજી શ્રેણી(સીનીયર કલાર્ક) રૂ.૫૦૦૦–૧૫૦–૮૦૦૦ના પગારધોરણમાં સવેતન કામગીરીનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ.<br>વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ અને કોઈપણ એક ઓફિસ ઓટોમેશન સ્યુટ(જેવા કે MS OFFICE, LOTUS SMARTSUITE, STAR OFFICE etc.) નો એક વર્ષનો અનુભવ.<br>ઈન્ટરનેટ ધ્વારા ઈમેલ સર્ચ તેમજ બ્રાઉસીંગની જાણકારી વિગેરેના અનુભવીને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ઉમેદવારની ઉમર ૨૫ વર્ષ અને વધુમા વધુ ૩૫ વર્ષ. |
| પગારધોરણ | ૮૦૦૦–૧૩૫૦૦/– (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦) તથા નિયમમુજબ મળવાપાત્ર અન્ય ભથ્થા.. |

| (૩) | **(૪૪૬)ડીવીઝનલ ઓફીસર(ફાયર) સંખ્યા–૦૧(બિનઅનામત)** |
|---|---|
| લાયકાત | (૧) શૈક્ષણિક લાયકાત : સરકાર માન્ય એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરિક્ષા વિજ્ઞાન(ફીઝીકસ અને કેમેસ્ટ્રી) ના વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર ધ્વારા ચાલતો સ્ટેશન ઓફિસર અને ઈન્સ્ટ્રકટર કોર્ષ પાસ કરેલો હોવો જોઈએ.<br>(૨) અનુભવ : સ્ટેશન ઓફિસર અને ઈન્સ્ટ્રકટર કોર્ષ પાસ કર્યા પછી માન્ય ફાયર સર્વિસ ઓર્ગેનાઈઝેશનમાં ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો કુલ–૮ વર્ષનો અનુભવ, જે પૈકી સબ ઓફિસર કે તેની સમકક્ષ જગ્યા ઉપર ઓછામાં ઓછી છ વર્ષની નોકરીનો અનુભવ જરૂરી.<br>(૩) શારીરિક યોગ્યતા : ઉંચાઈ–૧૬૫ સે.મીટર, વજન–૫૦ કિલોગ્રામ, છાતી–સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.<br>(૪) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતા હોવા જોઈએ. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૪૫ વર્ષ. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૪૫૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૫૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૬૫૦૦–૧૦૫૦૦/– પે બેન્ડ 9300-34800, ગ્રેડ પે 4600 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૪) | **(૪૨૪) ડેપ્યુટી નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ સંખ્યા–૦૫( સા.શૈ.પ.વ.–૧ બિન અનામત–૪)** |
|---|---|
| લાયકાત | ૧. માન્ય સંસ્થાની નર્સીગમાં બી.એસસી. (ઓનર્સ) ની ડીગ્રી અને ડીગ્રી મેળવ્યા બાદ નર્સીંગ સર્વિસનો પાંચ વર્ષનો અનુભવ.<br>અથવા<br>૨. માન્ય સંસ્થાની નર્સીગમાં બી.એસસી.ની ડીગ્રી અને ડીગ્રી મેળવ્યા બાદ નર્સીંગ સર્વિસનો પાંચ વર્ષનો અનુભવ.<br>અથવા<br>૩. માન્ય સંસ્થાની નર્સીગમાં પોસ્ટ બેઝીક બી.એસસી. ડીગ્રી અને ડીગ્રી મેળવ્યા બાદ નર્સીંગ સર્વિસનો બે વર્ષનો અનુભવ.<br>અથવા<br>૪. માન્ય સંસ્થાની હોસ્પીટલ એડમીનીસ્ટ્રેશનમાં ડીપ્લોમાં કરેલ હોય અને ડીપ્લોમાં કર્યા બાદ નર્સીંગ સર્વિસનો પાંચ વર્ષનો અનુભવ.<br>અથવા<br>૫. માન્ય સંસ્થાના નર્સીંગ એજયુકેશનમાં ડીપ્લોમાં કરેલ હોય અને ડીપ્લોમાં કર્યા બાદ નર્સીંગ સર્વિસનો પાંચ વર્ષનો અનુભવ.<br>અથવા<br>૬. માન્ય સંસ્થાના પબ્લીક હેલ્થ નર્સીંગમાં ડીપ્લોમાં કરેલ હોય અને ડીપ્લોમાં કર્યા બાદ નર્સીંગ સર્વિસનો પાંચ વર્ષનો અનુભવ. |

| | |
|---|---|
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૪૫૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૫૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૬૫૦૦–૧૦૫૦૦/– પે બેન્ડ 9300-34800, ગ્રેડ પે 4600 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૫) | **(૫૧૧) મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ (ઈલે.) સંખ્યા–૧૮**<br>**(અ.જા.–૦૨, અ.જ.જા.–૦૪, શા.ખો.ખા–૦૧, સા.શૈ.પ.વ.–૦૫, બિનઅનામત–૦૬)** |
| લાયકાત | ડીપ્લોમાં ઈલેકટ્રીકલ એન્જી. ડીપ્લોમાં ઈલે. એન્જી. ઉપરાંત ડીપ્લોમાં મીકેનીકલ એન્જી.ની લાયકાત ધરાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. ગુજરાત રાજયના લાયસન્સીંગ બોર્ડના ઠરાવ્યા મુજબ કોમ્પીટન્સી સર્ટીફીકેટ/પરમીટ ઉમેદવાર ધરાવતો હોવો જોઈએ. |
| વયમર્યાદા | ૨૮ વર્ષથી વધુ નહીં. |
| | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૪૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૫૫૦૦–૯૦૦૦/– પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૬) | **(૫૩૬) સીનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર સંખ્યા–૦૫ (અ.જ.જા.–૦૧, બિનઅનામત–૦૪)**<br>**(૫૩૭)સીનીયર લેડી સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર સંખ્યા–૦૧ (બિનઅનામત–૦૧)** |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા/નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો દશ માસનો રેગ્યુલર કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પાર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૨૮ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૫૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૪૫૦૦–૭૦૦૦/– પે બેન્ડ 5200-20200 ગ્રેડ પે 2800 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૭) | **(૬૨૧) લેબોરેટરી ટેકનીશ્યન સંખ્યા–૨૯**<br>**(અ.જા.–૨, અ.જ.જા.–૧૧, શા.ખો.ખા–૩, સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૧૧)** |
| લાયકાત | બી.એસસી.(કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી વિષય સાથે) અથવા એમ.એસસી.(ઓર્ગેનીકેમેસ્ટ્રી/ /માઈક્રોબાયોલોજી વિષય સાથે) પાસ માન્ય સંસ્થામાં લેબોરેટરી ટેકનીશ્યન ટ્રેનીંગ કોર્ષ પાસ. તેમજ ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્ષ (DOEACC ) સોસાયટી અથવા તેને સમકક્ષ કોર્ષ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ ( CCC) લેવલનો કોમ્પ્યુટર કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. |
| વયમર્યાદા | ૨૮ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૫૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૪૫૦૦–૭૦૦૦/– પે બેન્ડ 5200-20200 ગ્રેડ પે 2800 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૮) | **(૬૫૭) મદદનીશ આરોગ્ય નિરીક્ષક સંખ્યા– ૭૨**<br>**(અ.જા.–૦૩, અ.જ.જા.–૦૯, સા.શૈ.પ.વ.–૦૮, બિનઅનામત–૫૨)** |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અને એસ.આઈ.નો કોર્ષ પાસ કર્યા બાદ આરોગ્ય/લેબોરેટરી/ રસીકરણ / સેનીટેશનને લગતી કામગીરીનો ૩(ત્રણ) વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૫૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૪૫૦૦–૭૦૦૦/– પે બેન્ડ 5200-20200 ગ્રેડ પે 2800 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૯) | **(૭૮૩) ડાયાલીસીસ ટેકનીશયન સંખ્યા–૦૪ ( અ.જ.જા–૧, સા.શૈ.પ.વ.–૧, બિન અનામત–૨)** |
|---|---|
| લાયકાત | (૧)વિજ્ઞાન વિદ્યાશાખાના કેમેસ્ટ્રીના વિષય સાથેના સ્નાતકની પદવી ધરાવતા તેમજ ૩ વર્ષનો ડાયાલીસીસ ટેકનીશયન તરીકેનો અનુભવ.<br>અથવા<br>ધોરણ–૧૨ (સાયન્સ) પાસ તેમજ માન્ય સંસ્થામાં ડાયાલીસીસ ટેકનીશયનનો કોર્ષ પાસ કરેલ હોય તથા ઓછામાં ઓછો ૩ વર્ષનો માન્ય સંસ્થામાં ડાયાલીસીસ ટેકનીશયન તરીકેનો અનુભવ.<br>(૨)ઉમેદવાર કોમ્પ્યુટરની કામગીરીના (DOEACC) Department of Electronic Accreditation of Computer Course Society સંચાલિત C.C.C. લેવલના સમકક્ષ કોર્ષની જાણકારી ધરાવતા હોવા જોઈએ તેમજ આ બાબતે સરકારશ્રી વખતોવખત જે સૂચવે તેવા કોમ્પ્યુટર કોર્ષ / કામગીરીની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| વયમર્યાદા | ૩૦ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૦૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૩૦૫૦–૪૫૯૦/– પે બેન્ડ 5200-20200 ગ્રેડ પે ૧૯૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૦) | **(૭૧૮)હોર્ટીકલ્ચર આસીસ્ટન્ટસંખ્યા–૩૦(અ.જા.–૨,અ.જ.જા.–૪,સા.શૈ.પ.વ.–૮, બિનઅનામત–૧૬)** |
|---|---|
| લાયકાત | સરકાર માન્ય ડીપ્લોમા ઈન હોર્ટીકલ્ચર/ એગ્રીકલ્ચર<br>બાગબગીચા / ઉદ્યાનોના વિકાસ અને નિભાવ કામગીરી કરવા અને કરાવવા બાબતનો ૨ વર્ષનો પ્રેકટીકલ અનુભવ.<br>અથવા<br>બી.એસસી.(હોર્ટીકલ્ચર/એગ્રીકલ્ચર/ફોરેસ્ટ્રી)/<br>બી.ટેક.( એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ)/બી.ટેક. (હોર્ટીકલ્ચર) |
| વયમર્યાદા | મહત્તમ ૨૮ વર્ષ, |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦/– (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦) માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૧) | **(૮૩૧) જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર સંખ્યા–૧૩(અ.જા.–૧,અ.જ.જા.–૩, બિનઅનામત–૯)**<br>**(૮૩૨) જુનીયર લેડી સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર સંખ્યા–૩ (બિનઅનામત)** |
|---|---|
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા /નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો છ અઠવાડીયાનો સર્ટીફીકેટ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ તથા પાંચ વર્ષનો તરણકળાનો અનુભવ તથા પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે, રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૨૮ વર્ષથી વધુ નહીં, |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦/– (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦) માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

**નોંધઃ–** (૧) ઉપરોકત જગ્યા માટે મળેલ અરજીઓમાંથી માન્ય થયેલ અરજીઓ પૈકી જગ્યાની બેઝીક શૈક્ષણિક લાયકાત માં વધુ ટકાવારી મેળવેલ હશે તે ધ્યાને લઈને મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. આ રીતે તૈયાર થયેલ લીસ્ટમાં સામેલ ઉમેદવારોએ ફકત લેખિત પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે અને આવા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે, લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે આવા ઉમેદવારોએ પ્રાયોગિક પરીક્ષા માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે અને આ લીસ્ટના આધારે જયાં જરૂર હોય ત્યાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને આવા ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યુ માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે. પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે, જયાં પ્રાયોગિક પરીક્ષાની જરૂરીયાત ન હશે ત્યાં લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને આવા ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યુ માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે, નીચે સહી કરનાર એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને યોગ્ય જણાયે ઉપર જણાવેલ કોઈપણ

જગ્યા માટે લેખિત પરીક્ષા લીધા વિના સીધા પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરી શકાશે અને આમ કર્યા અંગેનું કોઈ કારણ આપવામાં આવશે નહીં.

(૨) સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ એકથી વધુ પ્રયત્ને પાસ થયેલ ઉમેદવારોને નોંધ નં.(૧) મુજબના લીસ્ટમાં સામેલ કરવામાં આવશે નહીં.

(૩) ઉમેદવારે માન્ય યુનિવર્સીટી અથવા સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીગ્રી, ડીપ્લોમાં કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીપ્લોમાં કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો સીધી ભરતી માટે માન્ય ગણવામાં આવશે, પરંતુ સુરત મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ ક્રમ નં. ૧ થી ૨ ના ઉમેદવારે રાજય સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની CCC + ની તથા ક્રમ નં. ૩ થી ૧૧ના ઉમેદવારે CCC પરીક્ષા સરકાર માન્ય કેન્દ્રો જેવા કે સ્પીપા, આઈ.ટી.આઈ. કે ટેકનીકલ પરીક્ષા બોર્ડ ધ્વારા નિયત સમય મર્યાદામાં પસાર કરવાની રહેશે. જેઓએ પ્રથમથી જ આ પરીક્ષા પાસ કરેલ હોય તેઓએ અરજી સાથે આ અંગેનું પ્રમાણપત્ર અચૂક જોડવાનું રહેશે.

(૪) વયમર્યાદા પી.આર.ઓ. વિભાગની તારીખે ગણતરીમાં લેવામાં આવશે.

(૫) ઉકત ક્રમ નં. ૧ થી ૧૧ ની જગ્યા માટે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદા લાગુ પડશે નહીં. અનામત જગ્યાઓ માટે અનામત જાતિના ઉમેદવારોને રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ છુટછાટ રહેશે.

(૬) **ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ પ્રમાણિત કરેલ નકલ સાથે સામેલ કરવાના રહેશે.**

(૧)ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨)શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ તથા પ્રમાણપત્ર, ડીગ્રી પ્રમાણપત્ર.

(૩) જાતિ અંગેના પુરાવા માટે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪)ઉમેદવાર સા.શૈ.પ. વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું નાણાકીય વર્ષનું (તા.૩૧–૩–૧૧ પછી મેળવેલ હોય તેવું)સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫)ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સરકારી હોસ્પીટલમાંથી સક્ષમ કક્ષાએ મેળવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬)અનુભવનું પ્રમાણપત્ર.

(૭) સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮)સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે.

(૭) **નીચે દર્શાવેલ કારણોસર અરજદારની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)**

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો ગાળો બતાવેલ ન હોય

(૩) શારીરિક ખોડખાંપણ માટે અરજી કરી હોય પરંતુ ખોડખાંપણની ટકાવારી બતાવેલ ન હોય અથવા ટકાવારીના ૪૦ ટકાથી ઓછી દર્શાવેલ હોય

(૪) અરજદારે અરજીપત્રકના કોલમની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૫) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૬) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મતારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૭) અરજદાર વયમર્યાદા પી.આર.ઓ. વિભાગની તારીખે ધરાવતા ન હોય

(૮) અરજદાર પી.આર.ઓ. વિભાગની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા માટે મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય

(૯) શારિરીક ખોડખાંપણની કેટેગરીના ઉમેદવાર ૪૦ ટકા કે તેથી વધુ શારિરીક ખોડખાંપણની ટકાવારી ધરાવતા હોવા છતાં તેઓને શારીરિક ખોડખાંપણના ઉમેદવાર તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ ઉપલીવયમર્યાદા કરતાં વધુ વયમર્યાદા પી.આર.ઓ. વિભાગની તારીખે ધરાવતા હોય

(૧૦) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પ.વ. તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨નું નોનક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધૂરી દર્શાવેલ હોય અથવા નોનક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૧ થી નં. પી.આર.ઓ. વિભાગની તારીખ સિવાયની દર્શાવેલ હોય તેવી અધૂરી અને ક્ષતિયુકત અરજી

(૧૨) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય

(૧૩) અરજીપત્રકમાં છેકછાક કરવામાં આવી હોય

(૧૪) અરજી સાથે માન્ય જરૂરી પુરાવા સામેલ કરેલ ન હોય

(૮) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે

(૯) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે.

ક્રમ નં. ૧ થી ૧૧ ની જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં. ૧ થી ૨ માટે રૂા. ૫૦/–, ક્રમ નં.૩ થી ૧૧ માટે રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ ક્રમ નં. ૧ થી ૨ માટે રૂા. ૫૦/– તેમજ ક્રમ નં. ૩ થી ૧૧ માટે રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવમાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોષ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી અત્રેની રહેશે નહીં.

**અરજી મોકલવાનું સરનામુ :** – ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

સહી/– એમ.કે. દાસ
**મ્યુનિસીપલ કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૬૦૩/૨૦૧૧–૧૨
તા.૨૪/૦૧/૨૦૧૨.